# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નેધરલેન્ડના પ્રધાનમંત્રી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે - ભારતીય સમુદાયને સંબોધન કરશે.**
2. **ભારત અને સંયુક્ત આરબ અમીરાતે ભારતમાં વ્યૂહાત્મક પેટ્રોલિયમ અને ગેસ ભંડાર સ્થાપવા સહિત અનેક કરાર કર્યા.**
3. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે – અમદાવાદમાં ઉચ્ચસ્તરની બેઠકમાં વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા કરી.**
4. **ત્રિપુરામાં કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષાને મજબૂત બનાવવા વધારાની "ઇન્ડિયા રિઝર્વ બટાલિયન" ની રચનાને ગૃહ મંત્રાલયની મંજૂરી.**
5. **સાત્વિકસાઈરાજ રેંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી થાઈલેન્ડ ઓપન બેડમિન્ટનની સેમિફાઇનલમાં મલેશિયા સામે ટકરાશે.**

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-NETHERLANDS VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નેધરલેન્ડના પ્રધાનમંત્રી રોબ જેટન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. આ મુલાકાતનો હેતુ યુરોપિયન દેશો સાથે ભારતના વ્યૂહાત્મક અને આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવવાનો છે. સાંભળીએ એક અહેવાલ....

V/C - POOJA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે નેધરલેન્ડ્સમાં ભારતીય સમુદાયને સંબોધન કરશે તે અંગે ત્યાંના ભારતીય સમુદાયમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે., હજારો ભારતીય સમુદાયના સભ્યો આ કાર્યક્રમમાં હાજર રહે તેવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી પાંચ યુરોપિયન દેશોના પ્રવાસના બીજા તબક્કામાં ગઈકાલે મોડી રાત્રે નેધરલેન્ડ પહોંચ્યા હતા. તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિવિધ વય જૂથ, ક્ષેત્ર અને ધર્મનું પ્રતિનિધિત્વ કરતા ભારતીય સમુદાયના સભ્યો એ પરંપરાગત નૃત્ય અને સંગીત પ્રદર્શન સાથે તેમનું સ્વાગત કર્યું હતું.

# PM-UAE VISIT

ભારત અને યુએઈએ પેટ્રોલિયમ ભંડાર, લાંબા ગાળાના એલપીજી પુરવઠા અને સંરક્ષણ સહયોગ સંબંધિત અનેક મુખ્ય કરારો પર ગઇકાલે  હસ્તાક્ષર કર્યા છે . પ્રધાનમંત્રી મોદીના પાંચ દેશોના પ્રવાસના પ્રથમ તબક્કા માં ગઈકાલે યુએઈની મુલાકાત મુલાકાત દરમિયાન અબુ ધાબીમાં શ્રી મોદી અને યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન વચ્ચે ઉચ્ચ સ્તરીય વાટાઘાટો પછી આ કરારો થયા.

પ્રસ્તુત છે અમારાં સંવાદદાતાનો  અહેવાલ....

V/C - KK-SHARMA

# AMIT SHAH GUJARAT VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. આસામ, પુડુચેરી અને પશ્ચિમ બંગાળમાં ભાજપની ભવ્ય વિજય બાદ પહેલી વાર ગુજરાતની મુલાકાતે આવેલા શ્રી શાહ આજે દિવસભર વિવિધ સમીક્ષા બેઠકમાં ઉપસ્થિત રહેશે.

મળતી માહિતી મુજબ, આજે સવારે તેમણે અમદાવાદમાં મહાનગરપાલિકા દક્ષિણ પશ્ચિમ ઝોન કાર્યાલય ખાતે શ્રી શાહની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરની સમીક્ષા બેઠક યોજાઈ. શ્રી શાહે મહાનગરપાલિકાના કમિશનર અને ઉચ્ચ અધિકારીઓ સાથે લોકસભા હરિયાળી લોકસભા અંતર્ગત વૃક્ષારોપણ, વિકાસકાર્યો, તળાવોના ઇન્ટરલિન્કિંગ અને નવિનીકરણ અંગે ચર્ચા કરી. આજે બપોર સુધી યોજાનારી બેઠકમાં શ્રી શાહ સરખેજ-ગાંધીનગર હાઈવેના આધુનિકીકરણના કાર્યોની પ્રગતિની સમીક્ષા કરશે.

આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી જીયુડીસી અને ગાંધીનગર લોકસભા તેમજ માણસા નગરપાલિકા સંબંધિત અન્ય વિકાસકાર્યો, ગાંધીનગર લોકસભા વિસ્તારમાં જાહેર હૉસ્પિટલની કામગીરીમાં થયેલી પ્રગતિ, અખંડાનંદ અને સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટની કામગીરીની સમીક્ષા કરશે. ઉપરાંત શ્રી શાહ ગાંધીનગર લોકસભા વિસ્તારમાં રમશે ગુજરાત ખીલશે બાળક અભિયાન અંતર્ગત રમકડા એકત્રિત કરવાના અભિયાનમાં ઈન્ચાર્જ અને સહ-ઇન્ચાર્જ સાથે બેઠકક યોજશે. સાંજે શ્રી શાહ ગાંધીનગર લોકસભા વિસ્તારમાં સમાવિષ્ટ ઘાટલોડિયા, વેજલપુર, નારણપુરા અને સાબરમતી વિધાનસભા વિસ્તારના અમદાવાદ મહાનગરપાલિકાના ચૂંટાયેલા કોર્પોરેટર્સ સાથે બેઠક કરશે.

# SHIVRAJ-MAHARASHTRA

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે બધાને પાકા ઘર પૂરા પાડવા એ કેન્દ્ર સરકારની મુખ્ય પ્રતિબદ્ધતા છે  શ્રી ચૌહણે મહારાષ્ટ્રના સતારામાં સભાને સંબોધતા આ મુજબ  જણાવ્યું.

**(BYTE – SHIVRAJ)**

શ્રી ચૌહાણે કહ્યું હતું કે સરકારનું લક્ષ્ય દરેક ઘરમાં સૌર ઉર્જા પૂરી પાડવાનું છે જેથી વીજળીનું બિલ શૂન્ય રહે. તેમણે આવાસ નિર્માણની ઝડપી ગતિ અને ભૂમિહીન લાભાર્થીઓને આપવામાં આવતી એક લાખ રૂપિયાની નાણાકીય સહાયની પ્રશંસા કરી હતી. મહિલા સશક્તિકરણ અંગે શ્રી ચૌહાણે કહ્યું કે દેશમાં 30 કરોડ મહિલાઓ "લખપતિ દીદી" બની છે અને આ લક્ષ્યાંક હવે વધારીને છ કરોડ કરવામાં આવ્યો છે.

તેમણે ગ્રામીણ વિકાસને વેગ આપવા માટે 1 જુલાઈથી "વિકાસિત ભારત જી રામ જી યોજના" શરૂ થવાની જાહેરાત કરી. શ્રી ચૌહાણે કૃષિને મજબૂત બનાવવા અને ખેડૂતોને ટેકો આપવા માટે કેન્દ્રની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# DWIVEDI-SENA SAMVAD

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાનને કડક ચેતવણી આપતા કહ્યું કે તેણે આતંકવાદીઓને આશ્રય આપવાનું અને ભારત વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરવાનું બંધ કરવું જોઈએ. નવી દિલ્હીમાં આર્મી ડાયલોગમાં બોલતા શ્રી દ્વિવેદીએ કહ્યું કે જો પાકિસ્તાન ભારત વિરુદ્ધ આતંકવાદી પ્રવૃત્તિઓ ચાલુ રાખે તો તેણે પોતે જ નક્કી કરવું પડશે કે તે ભારતના ભૂગોળ અને ઇતિહાસનો ભાગ રહેવા માંગે છે કે નહીં. આર્મી ચીફની આ ટિપ્પણી આતંકવાદ સામે ભારતની કડક નીતિને પ્રતિબિંબિત કરે છે.

# TRIPURA SECURITY

ગૃહ મંત્રાલયે ત્રિપુરામાં કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષાને મજબૂત બનાવવા માટે, વધારાની "ઇન્ડિયા રિઝર્વ બટાલિયન" ની રચનાને મંજૂરી આપી છે. કેન્દ્રએ આ માટે ૫૦ કરોડ રૂપિયા અને માળખાગત વિકાસ માટે 30 કરોડ રૂપિયા સુધીની એક વખતની નાણાકીય ગ્રાન્ટ મંજૂર કરી છે.

આ નવું યુનિટ મુખ્યત્વે બળવાખોરી વિરોધી કામગીરી અને સરહદ સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરશે, કેન્દ્ર જરૂરિયાત મુજબ દેશભરમાં ગમે ત્યાં આ કર્મચારીઓને તૈનાત કરવાનો અધિકાર જાળવી રાખશે. આ સાથે મુખ્યમંત્રી માણિક સાહાએ આશા કાર્યકરોના કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

# MOSPI-FEEDBACK

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય ભારતીય અર્થતંત્રમાં જ્ઞાન અને જ્ઞાન ઉત્પાદનોના યોગદાનને માપવા માટેના માળખા પરના બેઝ પેપર પર પ્રતિસાદ અને સૂચનો આમંત્રિત કરી રહ્યું છે.

મંત્રાલયે જણાવ્યું કે પરામર્શ પ્રક્રિયાના ભાગ રૂપે બેઝ પેપર પરની ટિપ્પણીઓ અને સૂચનો તમામ હિસ્સેદારો અને સામાન્ય લોકો પાસેથી આમંત્રિત કરાયા છે જે 15 જૂન સુધીમાં maneesh dot jindal @ mospi dot gov dot in અને neeraj dot kumar 007 at nic dot in પર મોકલી શકાશે.

# NADDA-DENGUE-DAY

આજે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે.ચોમાસા પહેલા ડેન્ગ્યુ વિશે જાગૃતિ લાવવા અને મચ્છરોના ઉત્પત્તિને રોકવા માટે સરળ નિયંત્રણ વ્યૂહરચનાઓને પ્રોત્સાહન આપવા આ દિવસ ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ નિમિત્તે, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાએ નાગરિકોને ડેન્ગ્યુ નિવારણ અંગે જાગૃતિ લાવવા અને સ્વચ્છ તથા સલામત વાતાવરણ જાળવવા માટે સાથે આવવા હાકલ કરી હતી. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે સરકાર વધુ દેખરેખ, વ્યાપક પરીક્ષણ, સુધારેલી સારવાર સુવિધાઓ અને વ્યાપક જાગૃતિ અભિયાનો દ્વારા ડેન્ગ્યુ નિયંત્રણના પ્રયાસોને મજબૂત બનાવી રહી છે  તેમણે ડેન્ગ્યુ સામેની લડાઈમાં સમુદાયની સક્રિય ભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો.

# INTERNATIONAL DAY OF LIGHT

આજે આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ ઉજવાઇ રહ્યો છે. 16 મેના રોજ ભૌતિકશાસ્ત્રી અને એન્જિનિયર થિયોડોર મેમન દ્વારા 1960 માં લેસરના પ્રથમ સફળ સંચાલનની યાદમાં આ દિવસ ઉજવવામાં આવે છે. યુનેસ્કોએ આજના દિવસે વૈજ્ઞાનિક સહયોગને મજબૂત બનાવવા અને શાંતિ અને ટકાઉ વિકાસ માટે પ્રકાશની શક્તિનો ઉપયોગ કરવા હાકલ કરી છે.

# THAILAND-OPEN

બેડમિન્ટનમાં, ભારતીય પુરુષ ડબલ્સની જોડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી આજે થાઈલેન્ડ ઓપનની સેમિફાઇનલમાં મલેશિયાના ખેલાડીઓ સામે ટકરાશે. આ ભારતીય જોડીએ ગઈકાલે ક્વાર્ટર ફાઇનલમાં જાપાની જોડીને 21-12, 21-13 થી હરાવી હતી.

દરમિયાન, પીવી સિંધુ મહિલા સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં જાપાનની ખેલાડી સામે જ્યારે પુરુષોની સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં , લક્ષ્ય સેન થાઈલેન્ડના ખેલાડી સામે હારી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે.